સ્વામિશ્રીજી

## અમારા રોમ રોમ ઉપાસના પ્રગટાવો...!







આ વિશ્વસમસ્તે સર્વ સમગ્ર બ્રહ્માંડે
પ્રભુપરમને પ્રાપ્ત કરવા પસંદગી પામેલા
પ્રગટ પ્રભુએ સ્વીકારેલા અને પાવન થયેલા
ઉપાસના સમજવા યત્નશીલ અને સમજેલા
એવા સર્વ દિવ્ય આતમ સ્વરૂપોના હૈયે...
હે પ્રભુ ! હે પ્રત્યક્ષ પ્રભુ ! હે ગુરુહરિ !
આપ બિરાજો... અહોનિશ સ્થાન લઈ લો
સર્વનાં મન બુદ્ધિ ચિત્ત પવિત્ર કરી દો
આપના સ્વરૂપે સમગ્ર વિલીન કરી દો
આપનું કાર્ય કરવા માટે પૂર્ણતઃ સક્ષમ કરો !
પોતાનું જે માન્યું તે દ્વારા સદા સેવા
શુદ્ધ પવિત્રભાવે સેવા ભક્તિ કરતા રહે
પરિણામે 'હું' ટળે... આપમાં એકાકાર બને
આપના સંકલ્પે સૌનાં સમગ્ર હલનચલન કરે
આપની અનુવૃત્તિ સમજી અભિપ્રાયે વર્તતાં રહે.
આ બ્રહ્માંડે આપ પધાર્યા... સ્વામી અક્ષરબ્રહ્મને સાથે લાવ્યા
અક્ષરપુરુષોત્તમનું યુગલ રચાયું ને માનવદેહે પ્રગટ રહ્યું
પ્રત્યક્ષ અમ સૌને મળતું રહ્યું ને પવિત્ર કરતું રહ્યું
ભગતજી... જાગાસ્વામી ને અદા... શાસ્ત્રીજી ને યોગીજી
કાકાજી પપ્પાજી... પ્રમુખ સ્વામી મહંત સ્વામીજી ને સાહેબજી
હરિપ્રસાદજી અક્ષરવિહારીજી ને ગુરુજી મુકુંદ સ્વામીજી
સૌના સંબંધ પામી અમે ઉપાસના સમજતા રહ્યા... સ્વીકારતા ગયા
શ્રીજીને વિશે સર્વોપરીભાવ ને શ્રીજીની પ્રત્યક્ષતા માણતા રહ્યા.
આજે અમને... સાહેબજીએ સ્વીકાર્યા પોતાના કર્યા
પોતાના હૃદગત અભિપ્રાયે જીવતા કર્યા ને કરી રહ્યા છે
આ સાધનામાર્ગે પ્રસ્થાન આદર્યાં ત્યારથી સેવે છે ને સુખ દે છે
તે માહાત્મ્ય સમજી સૌ ભક્તોને દિવ્યભાવે સેવા કરવાની
તે સૌને પ્રગટ પ્રત્યક્ષ સ્વરૂપોનાં દિવ્ય સ્વરૂપો માની
ભક્તિ-સેવા કરતા રહેવા... ને શુદ્ધ ઉપાસના સિદ્ધ કરવા બળ દો !
અમારા રોમ રોમ ઉપાસના પ્રગટાવો...!
આ અમારી પ્રાર્થના સ્વીકારો દયાળુ...! અમને ધન્ય કરો ! ◆

૨૭.૮.૨૦૧૮, બ્રહ્મજ્યોતિ, લંડન

# સાધુહૃદયની પ્રાર્થનાગંગા